અધિકારીના બંગલે લાગેલી આગનું રહસ્ય બહાર લાવવા એફએસએલ પહોંચી

આગ શોર્ટ સર્કીટથી લાગી કે જવલનશીલ પદાર્થથી તે જાણવા બળેલા અવશેષોના સેમ્પલ લેવાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સેકટર-૨૦માં રહેતા સીવીલ ડિફેન્સનાં ડેપ્યુટી સેક્રેટરીના બંગલે ગઈ કાલે મોડી રાત્રે લાગેલી રહસ્યમય આગમાં એફએસએલની ટીમે બળેલા અવશેષોના સેમ્પલ લઈ આગ કયા કારણોસર લાગી તેની તપાસ શરુ કરી છે. બંગલામાં બંને માળે ફેલાયેલી આગ શોર્ટ સર્કીટથી લાગી હતી કે કોઈ જવલનશીલ પદાર્થ વડે તે અંગે પણ તપાસ ચાલી રહી છે. જો કે એફએસએલ રીપોર્ટ બાદ ચોકકસ કારણ બહાર આવશે. આ બનાવ અંગે ડેપ્યુટી સેક્રેટરીએ કોઈ કારણોસર ફરિયાદ આપવાનું ટાળ્યું છે. સે-૨૧ પોલીસે જાણવાજોગ અરજીને આધારે તપાસનો દોર શરુ કર્યો છે.

મોડી રાત્રે રહસ્યમય સંજોગોમાં સિવિલ ડિફેન્સના ડેપ્યુટી સેક્રેટરીના બંગલે લાગેલ આગ કાબુમાં લઈ તેમાંથી અધિકારી વી.એફ. કામોલના દિકરા અનિલને બચાવી લેવામાં આવ્યો હતો જો કે આ દુર્ઘટના બાદ અધિકારી સહિત ઘરનાં સભ્યો પૈકી ત્રણ મહિલા પણ કયાંક નિકળી ગયા હતાં. આ ઘટના બાદ બંગલાની બહાર પડેલી સુમો ગાડીમાં તોડફોડ તથા બાઈક ફેન્સીંગમાં ફેંકી દેવાયેલી હાલતમાં પડેલું નજરે ચઢતા રહસ્ય વધુ ઘેરુ બનવા પામ્યું છે. ગાંધીનગર એફએસએલની ટીમે બંગલામાંથી સળગી ગયેલા અવશેષોના સેમ્પલ કબ્જે લઈ આ આગ શોર્ટ સર્કીટથી લાગી હતી કે કોઈ જવલનશીલ પદાર્થ વડે લાગી હતી તેની તપાસ શરુ કરી છે. જો કે શોર્ટસર્કીટથી આગ લાગી હોવાની શકયતા નહીવત જણાઈ રહી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. શોર્ટ સર્કીટ થાય ત્યારે બંગલાની એમ.સી.બી. ટ્રીપ થઈ જાય તે સ્વાભાવિક છે પરંતુ આ ઘટનામાં ચાર પૈકી એક જ એમ.સી.બી. ટ્રીપ થયેલી હતી જો કે તે દિશામાં પણ તપાસ શરુ કરવામાં આવી છે.

શેરથા ગામે મુક્તિધામ નિર્માણ કરી માનવસેવાનો દીપ પ્રગટાવ્યો

શેરથા ગ્રામજનોએ સ્વૈચ્છિક સંસ્થાઓ સહિત સરકારશ્રી દ્વારા પણ આર્થિક સહયોગ પ્રાપ્ત કરીને શેરથા ગામના નાગરિકોએ ગાંધીનગર તથા ઉત્તર ગુજરાતના ગ્રામ્યકલાઓ સહિત અદ્યતનન સગવડોને પણ ધ્યાને રાખીને મુક્તિધામનું નિર્માણ કાર્ય કર્યું છે.

શેરથા ગામમાં મુક્તિધામના નિર્માણમાં સહયોગ આપનાર શિક્ષિકા કાશીબેન, સ્વ. ત્રિભોવનભાઈ એ.

પટેલ, ભણસાલી ટ્રસ્ટ, લાયન્સ કલબ શેરથા, શેરથા કેળવણી મંડળ, સદ્‌વિચાર પરિવાર, ઈફકો- કલોલ, શેરથાના સેવાભાવી ગ્રામજનો, સરકારશ્રી વગેરેના આર્થિક સહયોગ અને સહકારથી અદ્યતન સુવિધાને ધ્યાને લઈને મુક્તિધામ રચના થઈ છે.

મુક્તિધામ અદ્યતન બનાવવા માટે ગાંધીનગર તથા ઉત્તર ગુજરાતની કલાકૃતિ સાથે હિન્દુધર્મના બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેવા દેવી- દેવતાઓની આકર્ષક મૂર્તિઓ મુકવામાં આવી છે. સાથે સાથે મહાન સંતો, મહંતો, ઋષિ મુનિઓની અનેક નાની મોટી મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી છે. જે અત્યંત મનમોહક બની રહે છે.

મૃતદેહના અંતિમ સંસ્કાર બાદ ડાઘૂઓને (મૃતકના સ્વજનો) બેસવા માટે વન ફુટિર, બગીચા, લાઈટ-પાણી તથા પંખા વગેરે જેવી સગવડ કરવામાં આવી છે. મૃતકના અસ્તિ રાખવા માટે લોકર સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે તથા લાકડા ભરવાની બે વિશાળ રૂમોનું નિર્માણ કરવામાં આવ્યું છે વધુમાં મુક્તિધામનો આકર્ષક પ્રવેશ દ્વારા, સીમેન્ટના પાકા રોડ બનાવવામાં આવ્યા છે.

આ સાથે મુક્તિધામમાં પક્ષીઓના ચણ માટે વિશાળ ચબૂતરો તથા ચણ ભરવા માટેની ઓરડી, વટે માર્ગુઓ માટે વૉટર કુલર સાથેની પાણીની જાહેર પરબ પણ બનાવવામાં આવેલ છે.

આગામી આયોજનોમાં સ્મશાન અંગેની માન્યાતાઓ, લોકમુખે કહેવાયેલી વાતોથી જે ડર સમાજ અને બાળકોમાં રહેલો છે તેને દુર કરવા માટે રંગીન બ્લોક સાથે રોડની સુંદરતામાં વધારો કરવા માટે રંગીન મ્યુઝિકલ ફુવારાઓ મુકવા, બાળકો માટે હિંચકા, લપસણી, રાઈડ્સ વગેરે રમત-ગમતના સાધનો તેમજ બેઠકની વ્યવસ્થા કરીને પીકનિક પ્લેસ તરીકે વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

આમ સિધ્ધપુર અને કાશી સુધી ના જતાં ગાંધીનગર જિલ્લાના આસપાસના ગામડાઓ આ સુંદર સમાજ સેવાનો કોઈપણ ભેદભાદ વગર લાભ મેળવે તે અપેક્ષા સાથે આ સંસ્થા દ્વારા કામ કરવામાં આવશે.

મુક્તિધામના સેવાકાર્યમાં વાડીભાઈ જે. પટેલ, રમણભાઈ કે. પટેલ, મનુભાઈ એમ. પટેલ, નંદુભાઈ ડી. પટેલ, પિયુશભાઈ એન. ડિગ્રી, અરવિંદભાઈ એસ. ગજ્જર, હસમુખભાઈ એમ. પટેલ તથા ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી રહ્યાં છે.

ચિલોડામાં ચાલતા વરલી-મટકાના જુગારના અડ્ડે આઈ.જી. સ્કવોર્ડ ત્રાટકી

૫ હજારના મુદ્દામાલ સાથે પાંચની ધરપકડ : એક વોન્ટેડ : અશ્વમેઘ કોમ્પલેક્ષમાં જુગાર ચાલતો હતો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીક ચિલોડા પાસે અશ્વમેઘ કોમ્પલેક્ષમાં વરલીમટકાનો જુગાર ચાલતો હોવાની બાતમીને આધારે આજે બપોરે રેન્જ આઈ.જી. સ્કવોર્ડ આર.આર.સેલે દરોડો પાડી પાંચ જુગારીઓને ઝડપી પાડ્યા છે. જ્યારે એક શખ્સ વોન્ટેડ છે. રૂ. ૫ હજારની રોકડ અને જુગારનાં સાહિત્ય સહિતનો મુદ્દામાલ કબ્જે લઈ આ અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

આર.આર.સેલ.ને બાતમી મળી હતી કે ચિલોડાના અશ્વમેઘ કોમ્પલેક્ષમાં હિંમતજી જવાનજી ઠાકોર નામનો શખ્સ પાંચ માણસો રાખીને વરલીમટકાનો જુગાર રમાડતો હોવાની બાતમી મળતા રેન્જ આઈજી સ્કવોર્ડે આજે બપોરે રેડ પાડી હતી. જેમાં વડોદરા ગામનાં રાજુજી શકરાજી ઠાકોર, ડભોડાના બાલાજી ઠાકોર, સનાજી વજાજી ઠાકોર, દહેગામના રમેશ વાલા ચૌધરી તથા બાબુ વાલા ચૌધરીની ધરપકડ કરી લેવામાં આવી છે. જ્યારે દહેગામનો બાબુ સબર નાયક વોન્ટેડ છે. દરોડો પાડીને આર.આર.સેલે રૂ. ૪૯૧૦ રોકડા તથા જુગારના સાહિત્ય કબ્જે કરી ચિલોડા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

પોલીસ ડોર ટુ ડોર ફરીને બંધ મકાનોનો સર્વે કરશે

તમામ કામવાળા અને ભાડુઆતોની વિગતો ઘરે-ઘરે જઈને મેળવવામાં આવશે : સુરક્ષા-સલામતી અને તકેદારીના પેમ્ફલેટ પોલીસ હેન્ડ ટુ હેન્ડ આપશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા પોલીસ વડાએ પાટનગરના નાગરીકોની સુરક્ષા અને સલામતીનાં ભાગરૂપે તકેદારીના પગલાઓ દર્શાવતા પેમ્ફલેટ્સ તૈયાર કરી દેવામાં આવ્યા છે. હવે ડોર ટુ ડોર ફરીને બંધ મકાનોના સર્વે કરવા ઉપરાંત મકાનમાં કામ કરતાં કામવાળા તથા ભાડે મકાન-દુકાન રાખીને રહેતા ભાડુઆતો અંગેની વિગતો એકઠી કરવા પોલીસને સુચના આપી દેવામાં આવી છે.

પોલીસને ઘરે-ઘરે જઈને સર્વે કરી ઉપરોક્ત વિગતો એકત્રીત કરવાની સુચના આપી દેવામાં આવી છે. જિલ્લા પોલીસ વડાએ તૈયાર કરેલા પેમ્ફલેટ્સમાં ટ્રાફીક એક્સીડન્ટસ ઘરફોડ ચોરીઓ સહીતના ગુનાઓ અટકાવવા નાગરીકો પોલીસને કેવી રીતે મદદ કરી શકે અને શું શું તકેદારી રાખવી જરૂરી છે તે સહીતની વિગતોનો સમાવેશ કર્યો છે. તે ઉપરાંત કોઈની શંકાસ્પદ હિલચાલ કે કોઈ ચિજવસ્તુ શંકાસ્પદ દેખાય તો તાત્કાલિક પોલીસને જાણ કરી આતંકવાદી પ્રવૃત્તિઓને ડામવા મદદરૂપ થવા અને મહિલા સુરક્ષાની બાબતો ઉપરાંત ઘરેલુ હિંસા અટકાવવા મદદરૂપ થવાની બાબતોને સમાવી લેવામાં આવી છે. પોલીસ આવતીકાલથી ગરે ઘરે જઈને પેમ્ફલેટ્સ મકાનમાલીકને હેન્ડ ટુ હેન્ડ આપશે અને તેની સાથે સાથે બંધ મકાનોના સર્વે ઉપરાંત કામવાળા અને ભાડુઆતોની વિગતો પણ મેળવી લેશે.

કલોલ-સાણંદ અને વડસર ખાત્રજ માર્ગનું કામ હાથ ધરાયું

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં માર્ગ નવીનીકરણ અનેવાઈડનીંગની કામગીરી અન્વયે રૂ. ૧૯ કરોડના ખર્ચે કામ હાથ ધરાયું છે. જેમાં વડસર, ખાત્રજ અને ભીમાસણના ૮ કિ.મી.ના રસ્તાને વાઈડનીંગ કરવા ઉપરાંત કલોલ-સાણંદ રોડને પહોળો કરવા મજબુતીકરણનું કામ શરૂ કરી દેવાયું છે.

ગાંધીનગર જિલ્લામાં રોડનેટવર્કના નવીનીકરણ માટે કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે. શહેરના મુખ્ય માર્ગોઉપરાંત સેક્ટરોના આંતરિક માર્ગોની સુધારણા પાછળ પણ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત જિલ્લાને જોડતા વિવિધ માર્ગોના વાઈડનીંગ માટે પણ નવતર આયોજન કરાયું છે. અગાઉ પણ પેથાપુર-મહુડી પ્રવાસન પથના મજબુતીકરણ અને વાઈડનીંગનું કામ હાથ ધરાયું હતું. જ્યારે હવે રાજ્યના ઔદ્યોગિક વિસ્તારને જોડતા માર્ગોની સુધારણાનું કામ પણ શરૂ કરી દેવાયું છે. જિલ્લાના વડસર-ખાત્રજ ભીમાસણના ૮ કિ.મી. માર્ગની ૭ મીટરમાંથી ૧૦ મીટર પહોળો કરવા રૂ. ૬૫૦ લાકના ખર્ચે કામ હાથ ધરાયું છે. જ્યારે કલોલ-સાણંદ માર્ગ પર ટ્રાફિકનો ધમધમાટ વધતા માર્ગ સુધારણા અન્વયે અંદાજિત રૂ. ૧૩ કરોડના ખર્ચે કામ શરૂ કરાયું છે. જેમાં આ ૧૯.૨૦ કિ.મી.ના માર્ગને ૫.૫૦ માંથી ૭ મીટર પહોળો કરવા કામ શરૂ કરી દેવાયું છે.

દહેગામ તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની દ્વિ-વાર્ષિક સભા મળી

દહેગામ, તા.૧૬

દહેગામ તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની દ્વિવાર્ષિક સભા તાજેતરમાં ગુજરાત સ્ટેટ પેન્શનર્સ ફેડરેશનના પ્રમુખ ધનજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. સભામાં મોટી સંખ્યામાં તાલુકાના પેન્શનર ભાઈ બહેનોએ ખુબ જ ઉત્સાહ અને ઉમળકાથી હાજરી આપી હતી.

નિવૃત્ત કર્મચારી મંડળની સભામાં પ્રાર્થના બાદ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વર્ગસ્થ પેન્શનર ભાઈ બહેનોને બે મિનિટનું મૌન પાળ શોકાંજલિ અપાઈ હતી. સભ્યો દ્વારા પ્રગતિની ઝાંખી કરાવી હિસાબો અને ગત બેઠકનું પ્રેસિડીંગ્સ રજૂ કરવામાં આવ્યું હતું. ૬૫ વર્ષ પૂરા કરેલ પેન્શનર ભાઈ બહેનોનું તથા દાતાઓ અને મહેમાનોનું યાદગાર રહે તેવી હેન્ડ પોર્ટફોલિયાની શુભેચ્છા ભેટ આપવામાં આવી હતી. મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. હોદ્દેદારોની વરણીમાં પ્રમુખ રસિકભાઈ અમીન અને મનુકાકા ભાવસાર મહામંત્રીના નેતૃત્વની ટીમને પુનઃ કામગીરી સોંપી સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

આમંત્રિત મહેમાનોમાં જિલ્લા પ્રમુખ કે.બી. વ્યાસ, મહામંડળના ખજાનચી મણીભાઈ સુથાર, પેન્શનર જગતના સંપાદક જિતુભાઈ પુરોહિત, તાલુકા પ્રા. ટીચર્સ ક્રેડીટ સો.લિ.ના પ્રમુખ કાન્તિભાઈ સી. પટેલ તથા તાલુકા કલાટી કે.સો.લિ.ના પ્રમુખ કાન્તિભાઈ પટેલે હાજરી રહી પેન્શનરોના જીવન-પ્રશ્નો અને મુંઝવણના પ્રશ્નોની તથા સંગઠનના બાળ વિશે પ્રવચનોમાં ખૂબ સરળ રીતે વાતો કરી સમજ આપી હતી.

આ સભામાં ગાંધીનગરના ડૉ. તેજલબેન દલાલે ખાસ આમંત્રિત તરીકે હાજરી આપી આંખની સંભાળ લક્ષણો ઉપાય અંગે પ્રેઝન્ટેશન માધ્યમથી આંકડાકીય માહિતી સાથે વાત રજૂ કરતાં સૌને જરુરી માર્ગદર્શન પુરું પાડયું હતું. એમના આ કાર્યને બિરદાવતાં એમનું પણ યાદગીરી ગીફટ સાથે મંડળ વતી જિલ્લા પ્રમુખ કે.બી. વ્યાસે સન્માન કર્યું હતું.

શહેરના સ્ટંટબાજો પર પોલીસનો સપાટો ૧૬ વિરૂદ્ધ કાર્યવાહી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સેક્ટર-૮ ખાતે તાજેતરમાં નિવૃત્ત અધિકારીઓ તથા સીનીયર સીટીઝન સાથે જિલ્લા પોલીસ વડાએ બેઠક યોજી હતી. જેમાં બાઈકર્સ ગેંગ તથા સ્ટંટમેનો ઉપરાંત રોમીયોગીરી કરતાં શખ્સોનો ત્રાસ હોવાની રજુઆતો મળી હતી. જેને પગલે આજે ટ્રાફીક પોલીસ અને સે. ૭ પોલીસે સંયુક્ત ડ્રાઈવ ગોઠવીને સવારથી સાંજ સુદીમાં સ્ટંટબાજો ઉપરાંત લાયસન્સ વગર ફરતાં બાઈકચાલકો અને ફૂટપાથ પર વાહન ચલાવતા ચાલકો મળીને ૧૬ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

ઉર્સ મુબારક નિમિત્તે કવ્વાલીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના સામાજિક કાર્યકર્તા બાબુલાલ મનસુરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આજે તા. ૧૭ મી માર્ચ-રવિવારે આણંદ જિલ્લાના ખંભાત શહેરમાં ગોસેઆઝમ બગદાદવાળાના પૌત્રની દરગાહ મીરાં સૈયદઅલી, વલીના ૭૯૩ ઉર્સ મુબારક નિમિત્તે રાત્રે ચાંદકાદરી (દિલ્હીથી) નામના કવ્વાલનો કવ્વાલીનો કાર્યક્રમ યોજાશે.

કવ્વાલીના કાર્યક્રમમાં અજમેરશરીફના પીરબાબા હાફીઝ શાહીદ મીયાંનીયાઝી, ચીશતી તથા કિર્છો છાશરીફના સજ્જાદાનસીન મૌલાના, મોઈમ અશરફ જીલાની પણ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બીરાદરોને હાજર રહેવા, સેક્ટર-૨૯ના મદીના-મસ્જિદના ઈમામસાહેબ હાફિઝ ગુલામરસુલ અશરફીએ એક યાદીમાં જણાવ્યું છે.

સેક્ટર-૭ સુવિધા કેન્દ્રના ખૂણાને કટ કરવા લોકલાગણી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર જાગૃત પરિષદ પાટનગરના પ્રાણ પ્રશ્નોની અવારનવાર સત્તાવાળાઓ સમક્ષ રજૂઆત કરે છે. રાજય સરકારે રહેણાંક માટે પ્લોટો આપેલ છે. જે પ્લોટો રસ્તાના વળાંક ઉપર આવેલ હોય તેવા પ્લોટોમાં બે મીટરનો કટ ફરજિયાત મુકવાનો હોય છે. સમગ્ર શહેરમાં વળાંકવાળા પ્લોટ ને કટ મુકવામાં આવેલ છે.

પરંતુ સેકટર-૭ માં સુવિધા કેન્દ્ર ચાર રસ્તા પર છે. છતાં કાટખૂણે કટ મુક્યો નથી. પરિણામે વળાંક લેતા વાહનો એકબીજા સાથે અથડાતા અકસ્માતો થાય છે. સેકટર-૭નું શોપિંગ હવે ડીસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટર બન્યું છે. પરિણામે નવા તમામ સેકટરો ખરીદી માટે આવે છે. અહીં સુવિધા કેન્દ્ર પાસે વાહનોની ભીડ થતાં અથડાય છે. તો તાત્કાલિક કટ કરવા વિનંતી છે. પાટનગરમાં પણ રજૂઆત કરેલ છે. શહેર જાગૃત નાગરિક પરિષદનાં પ્રમુખ લવજીભાઈ વાડિયા, ઉપ-પ્રમુખ જયંતભાઈ ભટ્ટે રજૂઆતો કરેલ છે. સત્વરે કાર્યવાહી થાય તેવી માંગ છે.

સેક્ટર-૮ માં પોલીસ લોક દરબાર યોજાયો, નગરજનોની રજૂઆતો

ગાંધીનગર, તા. ૧૬

સેક્ટર-૮ ખાતે જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલની અધ્યક્ષતામાં પોલીસ લોકદરબાર યોજાઈ ગયો આ લોકદરબારમાં વસાહતીઓએ હાજર રહી રજૂઆત કરી હતી. શહેર જાગૃત નાગરિક પરિષદ, શહેર પેન્શનર્સ સમાજ, ગાંધીનગર વિકાસ પરિષદ, શહેરીજન સંસ્થાના હોદ્દેદારોની બહોળી સંખ્યામાં હાજરી હતી.

ટ્રાફિક નિયમન, સ્પીડ બ્રેકર્સ, સ્પીડ સિગ્નલ, બ્રેકર્સ ઉપર ઝીબ્રા કોસિંગ ચીતરવા, ચ-રોડ ઉપર એક પણ જગ્યાએ બમ્પ નથી વગેરે રજૂઆત કરવામાં આવી હતી.

લવજીભાઈ વડીયા, જયંતભાઈ ભટ્ટએ સચોટ અને ધારદાર રજૂઆત કરી હતી. નિવૃત્ત આઈએએસ અધિકારી, રામભદ્રન, વી.વી.બુચ, રાજેશ પારેખ, સુરેશભાઈ પટેલ, ડી.પી. સંઘાણીએ વિવિધ સૂચનો રજૂ કરેલ હતા.

આજે ભાજપની મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર ખાતે આવતીકાલે પ્રદેશ આગેવાનોની મળનારી બેઠકમાં પેટા ચૂંટણીઓ અને આગામી લોકસભા ચૂંટણીઓ અંગે ચર્ચા કરીને ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં આવતીકાલે એક મહત્વની પ્રદેશ હોદ્દેદારોની બેઠક મળનાર છે. આ બેઠકમાં વિવિધ મોરચાના અધ્યક્ષો તેમજ જિલ્લાના આગેવાનો ઉપસ્થિત રહેનાર છે.

આ બેઠકમાં ગુજરાતની એક લોકસભા બેઠક અને ચાર વિધાનસભાની બેઠકોની આવનારી પેટા ચૂંટણીઓ અંગે તેમજ આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. ચૂંટણીલક્ષી કાર્યક્રમો અંગે પણ ચર્ચા વિચારણા કરીને જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ બેઠકમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ખાસ ઉપસ્થિત રહેનાર છે અને પેટા ચૂંટણીઓ અને આગામી લોકસભા ચૂંટણીની તૈયારી માટે માર્ગદર્શન આપવામાં આવનાર છે. ખાસ કરીને પોરબંદર લોકસભા બેઠક તેમજ વિધાનસભાની ચાર ખાલી પડેલી બેઠકોની પેટા ચૂંટણીઓ ભાજપને ભવ્ય વિજય અપાવવા માટે અત્યારથી કામે લાગી જવા માટે આગેવાનોને અનુરોધ કરવામાં આવનાર હોવાનું મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી લોકસભા ચૂંટણીઓની તૈયારીના ભાગરૂપે આવતીકાલની બેઠકમાં ચર્ચા વિચારણા કરીને ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવશે અને પક્ષ દ્વારા નક્કી કરાયેલ કાર્યક્રમો જિલ્લા અને તાલુકા કક્ષાએ અમલ કરીને સફળ બનાવવા માટે આગેવાનોને માર્ગદર્શન આપવામાં આવશે. સાથોસાથ કેન્દ્રની યુ.પી.એ. સરકારની નિષ્ફળતાઓને પ્રજા સમક્ષ છતી કરવા અને ગુજરાતની ભાજપ સરકારની કામગીરી પ્રજા સમક્ષ પહોંચાડવા માટે પણ આગેવાનો કાર્યકરોને અનુરોધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

વિધાનસભાની ખાલી પડેલી ધોરાજી-જેતપુર, લીંબડી અને મોરવાહક બેઠકો પર ભાજપના ઉમેદવારોને વિજય બનાવવા માટે આ વખતે ભાજપ દ્વારા અત્યારથી જ તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. અને આ ચારેય બેઠકો જીતવા માટે આગેવાનોને અત્યારથી જ આ વિસ્તારોમાં પ્રવાસ ખેડવા અને કાર્યક્રમો હાથ ધરવા માટેની જવાબદારીઓ પણ આવતીકાલે મળનારી બેઠકમાં સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૧

સૂર્યાસ્ત : ૬.૪૭

તાપમાન

મહત્તમ : ૩૬.૪ ડિ.સે.

લઘુત્તમ : ૨૨.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૪૭ ટકા ● સાંજે ૩૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

મેરે ડેડ કી મારુતી : ૧૦.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૫.૩૦, ૧૦.૧૫

કાઈ પો છે : ૧૨.૦૦, ૫.૦૦

: સ્ક્રીન-૨ :

જોલી એલએલબી : ૯.૧૫

સાહેબ બીવી ઑર ગેંગસ્ટર રીર્ટન : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૨૫

૩-જી : ૨.૪૫, ૮.૦૦

: સ્ક્રીન-૩ :

૩-જી : ૧૦.૦૦, ૧૨.૩૦

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૩.૦૦

ધ એટેક્સ ઑફ ૨૬/૧૧ : ૫.૪૫

જોલી એલએલબી : ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :

જોલી એલએલબી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

સૂર્યા, વાવોલ

સિંહણના સૌગંધ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ધ એટેક્સ ઑફ ૨૬/૧૧ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :

જોલી એલએલબી : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

જોલી એલએલબી : ૧૨.૪૫, ૫.૧૫

વિરાગ, કલોલ

આખા જગથી નિરાળી મારી સાજણા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા સવારે ૯.૦૦ કલાકે સામાજિક કાર્યક્રમ.
- કિડ્ઝી પ્લે ગ્રૂપ ગાંધીનગર દ્વારા બપોરે ૩.૦૦ કલાકે વાર્ષિકોત્સવ યોજાશે.

ટાઉન હોલ

- લીફ્ ઈન્ટરનેશનલ સ્કુલ ગાંધીનગર દ્વારા સવારે ૯.૦૦ કલાકે વાર્ષિકોત્સવ યોજાશે.

આપની આજ

મેષ : અટકેલા નાણાં પ્રાપ્ત થશે. ગૂઢ સંશોધન કરનારા લોકો માટે શુભ સમય, અપરણિતો માટે યોગ્ય જીવનસાથી પસંગદગી થશે. કુટુંબમાં કોઈ મંગળ કાર્ય થશે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

વૃષભ : ભાગીદારી સંબંધી વિવાદમાં ઉતાવળમાં નિર્ણય ન લેવો. વ્યાપાર- વ્યવસાય કે રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થવાની સંભાવનાઓ છે. પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસ સાર્થક થશે.

મિથુન : શિક્ષણ ક્ષેત્રે નવા લક્ષ્યો સર કરશો. વ્યાપાર, વિસ્તાર સંબંધી કાર્ય થશે. આપની નવી યોજનાઓનું આયોજન થશે. જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબમાં સામંજસ્ય બન્યું રહેશે.

કર્ક : કલાત્મક કર્મક્ષેત્રની મુશ્કેલીઓનો ઉકેલ કરવા માટે યાત્રા થશે. તમારા કાર્યોની સમાજમાં માન-સન્માન અને પ્રસંશામાં વધારો થશે. વાંચવા લખવાનાં કાર્યોમાં રુચિ જાગૃત થશે.

સિંહ : વેપાર- રોજગારમાં સમસ્યાઓ ઊભી હોવા છતાં આપના કાર્યો પૂર્ણ થઈ શકશે. આર્થિક લાભનાં સ્ત્રોતથી સંબંધી સમસ્યાઓ છતાં કાર્ય થશે. ધાર્મિક-આધ્યાત્મિક કાર્યમાં સમય પસાર થશે .

કન્યા : કુટુંબમાં ઉત્સવ સંબંધી વિશેષ આયોજનનો થશે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન આજે પ્રાપ્ત થઈ શકે છે. વેપાર-ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક મળશે.

તુલા : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે, લોકપ્રિયતામાં વૃદ્દિના કાર્ય થશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુઓ પર વિજય પ્રાપ્ત થશે. પ્રયત્નોનો ફળ તુરંત પ્રાપ્ત થઈ શકશે. દુસ્સાહસ ન કરવું. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે.

વૃશ્ચિક : ધન સંચય કરવા માટે વ્યાપારિક યોજનાઓ બનશે. તમારા અટવાયેલા કાર્યો સમય પર પૂરા કરી શકશો. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠા વૃદ્ધિના કાર્ય થશે.

ધન : અચાનક ધન પ્રાપ્તિના કર્મક્ષેત્ર સંબંધી વિશિષ્ટ પરિવર્તનકારી યોજનાઓમાં ભાગ્યવૃદ્ધિનો યોગ. ધર્મ સંબંધી કાર્યોમાં રુચિ અને યાત્રાનો યોગ બની રહ્યો છે.

મકર : ગહન શોધના કાર્યોમાં સમય પસાર થશે. સ્થાયી મિલકતની ખરીદી-વેચાણ થઈ શકે છે. જૂના કાર્યોનું પરિણામ આજે પ્રાપ્ત થઈ શકે છે.

કુંભ : મનોરંજન, ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. વરિષ્ઠ વ્યક્તિઓ અને નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવાઓ છે. શાસનથી વિશેષ લાભ.

મીન : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદો વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસ થવાની સંભાવનાઓ છે. કલાક્ષેત્રે જોડાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્ત થશે.

ચિરવિદાય

- સ્વ. શંકરજી લક્ષ્મણજી ચૌહાણ (ઉ.વ.૭૬) પ્લોટ નં. ૧૨૬૧/૧, સેકટર-૬/ડી, ગાંધીનગર.
- સ્વ. શકરાજી જુગાજી સોલંકી (ઉ.વ.૬૫) મુ.પો. આલમપુર, તા.,જિ. ગાંધીનગર.